

## મૈં તો શણગાર્યો ચાચર ચોક...માડી રમવા આવોને.....

નવરાત્રી અંતિમ ચરણના દ્વારે ઉભી છે. સાતમા નવલા નોરતે મા અંબેની આરાધનાનો પવિત્ર પર્વ નવરાત્રી મહોત્સવમાં હજ્જારોની સંખ્યામાં યુવાધન ગરબાના તાલે ઘૂમી રહ્યા છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના ગરબા મેદાનોમાં સૂરોની સુરાવલી અને તાળીયો અને દાંડિયાના તાલે મૈં તો શણગાર્યો ચાચર ચોક...માડી રમવા આવોને.....જેવા પ્રાચીન ગરબા રંગ જમાવી રહ્યા છે.

# ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર ગટરો ઉભરાઈ

ખેડબ્રહ્મા, તા. ૬

ચોમાસા બાદ પણ ગટરો ઉભરાતી હોવાથી રહીશો ત્રાહીમામ્ બન્યા છે. સફાઈ માટે પાલિકાને અરજી કરવા છતાં કોઈ કાર્યવાહી ના કરવામાં આવતા પ્રાંત અધિકારીને અરજી કરવાં આવી છે. તેમ છતાં પરીણામ શુન્ય પાલિકા વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ગંદકીનો પ્રશ્ન ચરમસીમાએ પહોંચ્યો છે. શહેરના રહીશો પાલિકાને અનેકવાર રજૂઆત કરી હોવા છતાં સત્તાધિશો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યા છે.

સાબરકાંઠા જીલ્લાની ખેડબ્રહ્મા પાલિકા ફરી વિવાદમાં આવી છે. પાલિકા વિસ્તારોમાં ગંદકીને કારણે રહીશો ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા છે. રહીશે ગત ૮ ઓગસ્ટના રોજ નગરપાલિકામાં અરજી કરી ગટરના પાણીનો નિકાલ કરવા જણાવાયુ હતુ. જોકે પાલિકા તંત્રએ અરજીને ધ્યાને ન લેતાં નાગરીકે પ્રાંતને રજૂઆત કરી છે. જેમાં જણાવાયુ છે કે, સોસાયટી આગળ વરસાદી પાણી ભરાઈ રહેતું હોય અને તેના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી મચ્છરનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. જેને લઈ રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, ખેડબ્રહ્મા નગરપલિકાના સિવિલ રોડ ઉપર જનરલ હોસ્પિટલના દરવાજા આગળની ગટર પણ ઉભરાય છે. આ ગટરોનું પાણી છેક માણેકચોકથી વાસણ રોડ સુધી ગંદકી ફેલાવતુ હોવા છતાં પાલિકા દ્વારા લાખો રૂપિયાની મશીનરી વસાવા છતાં ગટર ઉભરાતી રોકવામાં નિષ્ફળ ગઈ છે. સિવિલ રોડના વેપારીઓના જણાવ્યુ હતુ કે નગરપાલિકા પાસે ગટરના નિકાલ માટે કોઈ એસ.ટી.પીની જગ્યા ના હોવા છતાં ગટર કનેકશન જોડી દેવામાં આવેલ હોય ગટરનું પાણી નીકળી શકતું ન હોય રોડ પર ગંદા પાણીની નદીઓ વહી રહી છે.

સત્વરે આનો નીકાલ કરવામાં નહિ આવે તો ખેડબ્રહ્મા શહેરમાં સીવીલ રોડથી વાસણા રોડ પરના વેપારીઓ ખેડબ્રહ્મા બંધનું એલાન આપે તો નવાઈ નહિ. હવે ૩ માસથી ઠાલા વચનો સાંભળીને થાક્યા છે વેપારીઓ.



અરવલ્લી જીલ્લા સહિત મોડાસા તાલુકામાં જગત જનની મા જગદંબાનું આરાધના પર્વ નવરાત્રી શ્રાધ્ધ ઉમંગભેર ઉજવાઈ રહી છે. ત્યારે સાતમા નોરતે આનંદપુર કંપા નવરાત્રીમાં કંપાના રહીશો અને મોડાસા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા વેશભુષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વચ્છતા સાથે ટ્રાફિકના નિયમોનું પાલન કરતી થીમ પર ખૈલયાઓ ગરબે રમતા જોવા મળ્યા હતા. આનંદપુર કંપામાં સાતમા નોરતે યોજાયેલ અનોખી વેશભુષા નવરાત્રીમાં સમાજ તથા અન્ય સમાજ તથા લોકોને સંદેશ આપતી થીમ પર ગરબાની રમઝટ બોલાવતા નજરે પડયા હતા અને સ્વચ્છતા તથા પ્લાસ્ટિક બેગ અંગે જન જાગૃતિનો આ પ્રયાસ ખરેખર અન્યો માટે પણ અનુકરણીય છે. તો ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સ્ટાઈલ પર ગરબા રમવામાં આવ્યા હતા.

## વડગામ ગ્રામ પંચાયતમાં મતદાર સુધારણા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વડગામ, તા. ૬

તાલુકા મથક વડગામની ગ્રામ પંચાયત દ્વારા મતદાર સુધારણા જાગૃતિ કાર્યક્રમ રવિવારે ગ્રામ પંચાયત ખાતે યોજાયો હતો. જેમાં કે ગામના મતદારો આવ્યા હતા તેમને તમારુ નામ મતદાર યાદીમાં છે કે નહીં, ગુજરાત સરકાર દ્વારા નક્કી કર્યુ છે કે નહિ, તો આજે જ તપાસ કરો અને તમારુ નામની ચકાસણી કરો, જેવા સુધારણા વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં વડગામ ગ્રામ પંચાયત તલાટી એમ.કે. આસેડીયા, ઉપસરપંચ ભીખાભાઈ પ્રજાપતિ, પરબત ખાન બિહારી, લાલભાઈ પ્રજાપતિ, કોમ્પ્યુટર ઓપરેટર હરેશભાઈ પટેલ સહિત વડગામ ગામ પંચાયત સભ્યો, આંગણવાડી કાર્યકરો, બહેનો, બાળકો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના આનંદપુરાકંપામાં વેશભૂષા સાથે ગરબા યોજાયા હતા. આ ગરબામાં ભગવાન ગણપતિ, શંકર ભગવાન, હિંદુ ધર્મના મહાન વ્યક્તિઓ, પર્યાવરણ બચાવો, પ્લાસ્ટિક મુક્ત ભારત, જંગફૂડ ખાવાનું ટાળવું, વાહન ધીમે ચલાવો, ઐતિહાસિક વ્યક્તિઓના પાત્રો જેવી વેશભૂષામાં લોકોએ ભાગ લીધો હતો. આ વેશભૂષા સાથે યોજાયેલા ગરબામાં બાળકો, મહિલાઓ, વડીલો સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ઉત્સાહભેર નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. ગામના કનુભાઈ પટેલ અને સૌ ગામલોકોએ આને બિરદાવ્યું હતું.



# અમદાવાદ-ઉદેપુર ને.હા.નં- ૮ પર ૬ થી વધુ ગામના ગ્રામજનો રોડ પર ઉતર્યા

અરવલ્લી- સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવ નં.૮ને દોઢ દાયકા બાદ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. ચિલોડાથી શામળાજી સુધીના ફોરલેન હાઈવેને સિક્સલેન બનાવવામાં આવી રહ્યો છે, ત્યારે અંદાજીત ૯૩ કી.મી.ના અંતરમાં ૯ જેટલા ફ્લાયઓવર, ૯ અંડર બ્રિજ અને ૧૩ જેટલા નાના વાહનો માટેના અંડર બ્રિજ બનાવવામાં આવવાના છે. શામળાજી નજીક ને.હા.નં-૮ પર નાંદીસણ પાટિયા નજીક ઓવરબ્રિજ બનાવવાની માંગ સાથે ૬ થી વધુ ગામોના ગ્રામજનો હાઈવે નં. ૮ પર મોટી સંખ્યામાં ધસી આવી ઓવરબ્રિજ બનાવવાની માંગ સાથે ચક્કાજામ કરતા તંત્ર દોડતું થયું હતું. શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હાઈવે પર લોકોએ કરેલ ચક્કાજામ સમજાવટથી દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

અમદાવાદ-ઉદેપુર ને. હાઈવે પર શામળાજી નજીક આવેલા નાંદીસણ પાટિયાથી ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકો જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં કામકાજ અર્થે અને વિદ્યાર્થીઓ પણ હિંમતનગર, મોડાસા તરફ અભ્યાસ અર્થે ને.હા.નં-૮ પરથી પસાર થવું પડતા આ માર્ગ પર હંકારતા વાહનો જોખમી નીવડી રહ્યા હોય વિદ્યાર્થીઓ અને લોકોની સલામતી માટે નાંદીસણ પાટિયા નજીક ઓવરબ્રિજ બનાવવામાં આવેની માંગ સાથે ન્યાય નહિ મળે તો લોકોએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.



ગુરુવારે ખીલોડા, ખીલોડા કંપા, શોભાયડા, ખેરાડી, રામનગર સહીત ગામોના ગ્રામજનોએ અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર સિકસલેન બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે હાઈવે પર ચક્કાજામ કરતા હોબાળો મચી ગયો હતો. પોકારી ઉઠ્યા હતા નેશનલ હાઈવે.નં-૮ પર ટ્રાફિકજામના પગલે તંત્ર દોડતું થયું હતું.

ચક્કાજામ કરનાર લોકોના જણાવ્યા અનુસાર નાંદીસણ પાટિયા નજીક એક મહિનામાં ૫ થી વધુ અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે આજુબાજુના અનેક લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે અનેક નિર્દોષ રાહદારીઓ અને આજુબાજુના ગ્રામજનો માટે પણ અકસ્માત ઝોન બની રહેતા ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવાની માંગણી સંતોષવામાં નહિ આવેતો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.




સતત વાહનોથી ધમધમતા હાઈવે પર ચક્કાજામના પગલે ટ્રાફિકજામ થતા હાઈવે પર ૨ કિમી લાંબી કતારો લાગતા વાહનચાલકો તોબા

# વિજયનગર બી.આર.સી. ભવનમાં તાલુકા કક્ષાનો કલા ઉત્સવ યોજાયો

ભિલોડા,તા.૬

વિજયનગર બી.આર.સી. ભવનમાં તાલુકા કક્ષાનો કલા ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે વિજયનગર તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી એમ.વી.પટેલ,બી.આર.સી. કો.ઓ. કૌશીકભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા,કાવ્ય રચના અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.પ્રાથમીક શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.દરેક સ્પર્ધાઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે તેમ જણાવ્યું હતું.

## અનોખો થનગનાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવરાત પર્વના આખરી પડાઉમાં ખૈલેયાઓ જોમ જુસ્સા સાથે ગરબે ઘુમી રહ્યા છે. કલ્ચરલ ફોરમ , લાયન્સ કલબ તેમજ થનગનાટના ગરબા મહોત્સવમાં સાંજ ઢળતા જ ખૈલેયાઓની ભીડ જામે છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ સમયની પાબંદી સાથે રાત્રિના ૧ ૨ ના ટકોરે ગરબા બંધ થતા ખૈલેયાઓ નિયત સમયમાં હવે બાકીના બે દિવસ નવરાત પર્વમાં મનમુકીને ગરબા રમવા માટે સજ્જ છે. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં બે દિવસ અગાઉ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ખાસ હાજરી આપી ગરબા નિહાળ્યા હતા. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓને અવનવા સ્ટેપ્સમાં ગરબે ઘુમતા જોઈને મુખ્યમંત્રીએ પણ સંસ્થાની આ સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિની પ્રસંશા કરી હતી. જયારે સાતમાં નોરતે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને શ્રીમતી દર્શનાદેવીજીએ પણ કલ્ચરલ ફોરમના આંગણે ગરબાની રંગત નિહાળી હતી. આ તબક્કે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ તેમનુ પુષ્પગુંચ્છ આપી સ્વાગત કર્યુ હતુ. જયારે ખૈલેયાઓને ગરબા મેદાનમાં ઘુમતા જોઈને રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પણ પ્રભાવિત થયા હતા. નવલી નવરાતના આ પર્વ દરમિયાન પ્રારંભિક તબક્કે વરસાદ વિઘ્નરૂપ બન્યો હતો જેના લીધે શરૂઆતના ત્રણ દિવસ નવરાત મહોત્સવની ઉજવણીમાં ખલેલ પહોંચી હતી. જયારે હવે નવરાતના આખરી બે દિવસોમાં ખૈલેયાઓ ગરબાની મનભરીને મજા લેવા થનગની રહ્યા છે.

## ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપલબ્ધ છે. આ પૈકીના ૯૧ ટકા પરિવારોને ઘરમાં જ પીવાનું પાણી ઉપલબ્ધ છે. ઘરમાં પીવાનું ચોખ્ખુ પાણી ઉપલબ્ધ થતુ હોય એ કેટલી આવશ્યક છે એ તો કોઈ દિવસ ઘરમાં પાણી ના આવતુ હોય ત્યારે ડોલ કે ઘડા લઈને ઘર બહાર પાણી ભરવા જવાનુ થાય ત્યારે સમજાય જાય એવુ છે જે પરિવારોના ઘરમાં પીવાનું પાણી પહોંચે છે એ પૈકીના ૮૫ ટકા પરિવારો પાસે ઘરમાં જ સંડાસ-બાથરૂમની સુવિધા છે અને વીજળીની સુવિધા પણ ખરી. જ્યારે શહેરી વિસ્તારમાં આવી સ્વચ્છ પાણી, શૌચાલય ઘરમાં જ હોય અને લાઈટની સગવડ પણ હોય છે જ્યારે ગ્રામીણ વિસ્તારમાં પરિવારોની સંખ્યા વધુ હોય છે અને એ પરિવારોની સંખ્યા પણ વધુ હોય છે. શહેરની સામે સુખ સુવિધાઓની બાબતે ગ્રામીણ વિસ્તાર પછાત છે એથી પણ શહેરીકરણની માત્રા ગુજરાતમાં વધારે છે.

## સાઈન બોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બહારથી આવતા મુલાકાતીઓને અંગુલી નિર્દેશ કરતા સાઈન બોર્ડસ પણ કંગાળ હાલતમાં છે. તુટેલા વૃક્ષોની ડાળીઓની જેમ સાઈન બોર્ડસ પણ તુટેલી હાલતમાં નીચે પડેલા જોવા મળી રહ્યા છે. સેકટરનો ચિતાર દર્શાવતા જુના અને કંગાળ બોર્ડસ પણ હજુ કેટલાક ઠેકાણે જોવા મળી રહ્યા છે. જેમાં મુલાકાતીઓને નરી આંખે દેખાય તેવુ કાંઇ નથી કટાયેલા બોર્ડસ પણ દુર કરાતા નથી જયારે હાલ સેકટરોના વિવિધ માર્ગો તેમજ સ્થળોની માહીતી દર્શાવતા બોર્ડસની હાલત પણ અત્યંત કંગાળ છે. સે-૫ માંથી ખ માર્ગ તરફ જવાના માર્ગ પર મુલાકાતીઓ કે રાહદારીઓને આંગળી ચિંધતા બોર્ડસ જ તુટેલી હાલતમાં છે. શહેરમાં સાઈન બોર્ડસ મામલે અગાઉ પણ તંત્રએ ભગો ચિતર્યો હતો. જાહેર સ્થળ તેમજ મહત્વની કચેરી પણ અલગ જગ્યાએ ચિતરવામાં આવી હતી. જયારે હાલ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા સાઈન બોર્ડની આ દશાથી મુલાકાતીઓ પણ અતિથિ દેવોની ભાવનાના બદલે ગોથે ચઢે તેવી સ્થિતિ છે. સાઈન બોર્ડની દશા સુધારવા માટે તંત્રએ ત્વરિત સર્વે હાથ ધરવાની પણ અનિવાર્યતા છે. સાઈન બોર્ડસ લગાવી તેની જાળવણીના મામલે તંત્ર કક્ષાએથી કોઈ ધ્યાન ન અપાતા મુલાકાતીઓ માટે માર્ગદર્શક બનતા સાઈન બોર્ડસ હવે શહેરની સુંદરતાને પણ ઠેસ પહોંચાડી રહ્યા છે.

## વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

આફ્રિકાને જીતવા માટે ૩૯૫ રનની જરૂર હતી. આ ટાર્ગેટના જવાબમાં ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમ ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે એક વિકેટ ૧૧ રન કર્યા હતા. આજે પાંચમાં અને અંતિમ દિવસે દક્ષિણ આફ્રિકાના કોઈ બેટ્સમેનો મેદાનમાં ટકી શક્યા ન હતા. બીજી જ ઓવરમાં અશ્વિને બ્રુયનને બોલ્ડ આઉટ કરીને આફ્રિકાની આશાઓ ઉપર પાણી ફેરવી દીધું હતું. અશ્વિનની આ ટેસ્ટ મેચમાં આઠમી વિકેટ હતી. ૬૬મી ટેસ્ટ મેચ રમી રહેલા ઓફ સ્પીનર અશ્વિને આની સાથે જ વર્લ્ડ રેકોર્ડની બરોબરી કરી હતી. હવે અશ્વિન સૌથી ઝડપથી ૩૫૦ ટેસ્ટ વિકેટ લેનાર શ્રીલંકાના સ્પીનર મુરલીધરનની સાથે આવી ગયો છે. ચોથા દિવસે એક પણ વિકેટ ન મેળવનાર સામીએ પાંચમાં દિવસે તરખાટ મચાવ્યો હતો અને એક પછી એક આફ્રિકન ટીમના ચાર બેટ્સમેનોને બોલ્ડઆઉટ કર્યા હતા. સમીએ સૌથી પહેલા બાઉમાને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ પ્લેસીસ ૧૩ રન કરીને આઉટ થયો હતો. ટીમ ઈન્ડિયા આ મેચમાં પોતાની રણનીતિ સાથે મેદાનમાં ઉતરી હતી. કેપ્ટન વિરાટ કોહલીએ રવિન્દ્ર જાડેજાને બોલિંગ આપ્યા બાદ જાડેજાએ ઉત્કૃષ્ઠ બોલિંગ કરી હતી.

## સજ્જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે બે મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વેચવા પર સહમત થયું હતું. એન્ટી મિસાઈલ ટેકનોલોજીને એર ઈન્ડિયા વનમાં લગાવવા માટે લગભગ ૧૯ કરોડ ડૉલરની ડીલ થઈ હતી.

ભારત સરકારે વીવીઆઈપી સુરક્ષા માટે એર ઈન્ડિયા વનને મંજૂરી આપી દીધી હતી. બે દાયકાથી વીવીઆઈપી લોકોની સેવા કરી રહેલા એર ઈન્ડિયાના બોઈંગ ૭૪૭ જમ્બો જેટનું સ્થાન હવે 'એર ઈન્ડિયા વન'એ લીધું છે. ખાસ પ્રકારના મેટલથી બનેલા આ વિમાનમાં તમામ અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

એન્ટ મિસાઈલ તકનીક મોટા વિમાનોને સુરક્ષા કવચ પૂરુ પાડશે, આ સિસ્ટમ સ્થાપિત થયા બાદ ક્રૂ વૉર્નિંગનો સમયગાળો વધારશે. તે પાયલટને એલર્ટ કરશે કે એક મિસાઈલ ડિટેક્ટ થઈ છે અને સિસ્ટમ તેને ત્યાંજ જામ કરી દેશે.

## સ્પેસવોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાજર ૬ અંતરિક્ષ યાત્રી બહાર નીકળીને સ્પેસ સ્ટેશનની મરામત કરશે. અત્યારે અંતરિક્ષ સ્ટેશન પર જેસિકા મીર, ક્રિસ્ટીના કોચ, અંદ્રયૂ મૉર્ગન, ઓલેગ સ્કીપોચા, એલેકઝાન્ડર સ્કવોર્તસોવ અને લૂકા પરમિતનો છે. આ તમામ ઑક્ટોબર મહિનામાં અલગ-અલગ તારીખો પર સ્પેસવૉક કરશે. આ સિવાય પાંચ સ્પેસવૉક નવેમ્બર અને ડિસેમ્બરમાં રાખ્યો છે.

સ્પેસવોકમાં સ્પેસ ક્રાફટને મરામત, વૈજ્ઞાનિક પ્રયોગ અને નવા ઉપકરણનું પરીક્ષણ સામેલ હોય છે. આ વખતે સ્પેસવોકમાં જે બે એસ્ટ્રોનોટ્સ ભાગ લઈ રહ્યાં છે તેમાંથી એન મેક્લેન ૨૨ માર્ચે નિક હેગ સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં એક લિથિયમ આયર્ન બેટરી લગાવવા માટે સ્પેસવોકમાં હિસ્સો લઈ ચૂકી છે. બંનેને સ્પેસવોકનો લાંબો અનુભવ છે.

## પ્રતિનિધિમંડળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેસ્ટહાઉસમાં રાખવામાં આવ્યા છે. આ પહેલા પાર્ટીના પ્રવક્તા મદન મન્ટુએ માહિતી આપતા કહ્યું હતું કે, બને નેતાઓ સાથે વાતચીતને લઈને મંજુરી માંગવામાં આવી હતી. રાજ્યપાલે મંજુરી આપી દીધી છે. મંટુના કહેવા મુજબ અબ્દુલ્લાને મળવાનો નિર્ણય હાલમાં જ યોજાયેલી વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં લેવામાં આવ્યો હતો. બે દિવસ પહેલા જ જમ્મુ પ્રાંતના જિલ્લા પ્રમુખો અને વરિષ્ઠ નેતાઓની બેઠક યોજાઈ હતી. જમ્મુ આધારિત નેશનલ કોન્ફરન્સના નેતાઓની અવરજવર ઉપરથી નિયંત્રણો દૂર કરવામાં આવ્યા બાદ હવે મળવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૮૧ વર્ષીય ફારુક અબ્દુલ્લા તેમના શ્રીનગર આવાસ ઉપર હાલમાં નજરકેદ હેઠળ છે જ્યારે તેમના પુત્ર ઓમર અબ્દુલ્લા સ્ટેટ ગેસ્ટહાઉસમાં નજરકેદ હઠળ રાખવામાં આવ્યા છે. બંને નેતાઓને મળવાની પરવાનગી મળ્યા બાદ સ્થિતિ ધીમે ધીમે વધુ સામાન્ય બની રહી છે. વહીવટીતંત્ર દ્વારા પણ પાર્ટીના કાર્યકરોને મળવા માટેની મંજુરી આપી દેતા આંશિકરીતે તેમને મોટી રાહત થઈ છે.

## વોટ્સએપ ઓફ...

● ચોથા પાનાનું ચાલુ

ધર્મની હાનિ થાય છે એ માનવ ઈતિહાસની એક કરુણ પણ સાચી હકીકત છે.

પંડિત પણ આવ્યો ને ગયો. પુરોહિતની પાસે ધર્મ હતો તો પંડિતની પાસે જ્ઞાન હતું. પણ ધર્મના પ્રતિનિધિ કરતાં જ્ઞાનના પ્રતિનિધિનું વર્તન કંઈ સારું ન હતું. એણે પણ લૂંટારુંઓનો ભોગ બનેલા માણસને જોયો, નજર વાળી લીધી, રસ્તાની બીજી બાજુ પર ચાલ્યો, આગળ નીકળી ગયો. કદાચ તેના મનમાં તત્ત્વજ્ઞાનના ઊંડા વિચારો ચાલતા હતા. કદાચ એ તર્ક ચલાવતો હતો, કે આ બધું તો માયા છે, ખરું જોતા એ માણસ દુઃખમાં નથી અને હું સુખમાં નથી પણ બંને અજ્ઞાનમાં છીએ. હું એનું મિથ્યા દુઃખ મટાડવા જાઉં તો ઊલટો એ માયામાં ફસાઈ જઈશ ને એની વેદના પણ વધારી મૂકીશ એલે એની કુસેવા થશે. આખરે તો દરેકને પોતાના કર્મનાં ફળ ભોગવવાના છે. માટે જેમ વહેલું એ ઋણ ચૂકવી દે તેમ એને સારું છે - પણ પંડિતને એનો ખ્યાલ હોવો જોઈતો હતો કે સાચું જ્ઞાન પોતાની મર્યાદા પણ જાણે છે, કે કર્મ વિના જ્ઞાન વાંઝિયું જ છે, કે કેવળ તર્ક ચલાવવાથી દુનિયાનો ઉદ્ધાર ન થાય. અને આપણને પણ ખબર હોવી જોઈએ કે ફક્ત વાતો કરવાથી અથવા ચર્ચા કરવાથી ને મોંએથી આશ્વાસન આપવાથી ધર્મનું કામ ન થાય.

ધર્મનું કામ એ અજાણ્યા પરપ્રાંતિ મુસાફરને હાથે થયું. એ ગરજ જોઈને દોડ્યો, પોતાનાં સગવડ કે જોખમ સામે જોયું નહિ, અને 'રે ભગવાન, મારા ભાઈને શું થયું?' એટલો જ ભાવ દિલમાં લઈને તેની સંભાળમાં રોકાયો, જાતે એની સેવા કરી, સમયનો ભોગ આપ્યો, પૈસા ચૂકવ્યા. ને પોતાના કામના કોઈ બદલા કે તે માટે આભારની રાહ પણ જોયા વગર એ ત્યાંથી ચાલ્યો ગયો. એનું દિલ સાચું. એનો ધર્મ અસલ.

●●●

બીજાઓની એવી વાતો જોઈએ છીએ ત્યારે કેટલી સ્પષ્ટ ને સાચી દેખાય છે! પણ આપણામાં આપણે એ જ સ્પષ્ટ ને સરળ વાતો સરળ જોઈ શકતા નથી. આપણું મોં આપણે જોઈ શકતા નથી. અરીસો જોઈએ છીએ. ને દ્દષ્ટાંત તે અરીસો છે - આપણુ સાચું મોં જોવા માટે. હું એ પુરોહિત કે એ પંડિત કે એ સાચા દિલના મુસાફર જેવો છું? મારું વર્તન કેવું, મારાં બહાનાં કેવાં, મારો વ્યવહાર કેવો? તો હવે મેં જાણ્યું કે મારે શું કરવું જોઈએ. એમ તો હું જાણતો હતો, પણ હવે સ્પષ્ટ દેખાયું ને કરવાનું મન થયું ને થશે પણ ખરું. અને ત્યારે વરદાન ફળશે : 'એ પ્રમાણે કર - એટલે તને મુક્તિ મળશે...'

- ફાધર વાલેસ

**Last Seen :**

ઉપર જોવાની આદત તને પડી છે જાણું છું.
ખુદાનો વાસ ઉપર એવું તું માને એ જાણું છું.
તું આદતથી મજબૂર એ પણ જાણું છું.
આદત એક પાડવાની તારે જરુર જણાય છે મને.
કોશિશ કર તારી જાતથી ઉપર ઉઠવાની,
બધાથી અલગ બનવાની આદત પાડ તું.
ઈયળનું પતંગિયામાં અદ્ભૂત રુપાંતર પણ
જાતથી ઉપર ઉઠવાનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત જાણ તું.
ખુદા તારાથી વેંત દૂર જાણ તું.

- મુકેશ બ્રહ્મભટ્ટ

nehalgadhavi101@gmail.com